# બાયડ શહેરમાં કોરોનાના વધુ બે કેસ નોંધાતા ફફડાટ

**અમદાવાદથી વહેપારી આવતા બાયડના વેપારીને ચેપ લાગ્યું બહાર આવ્યું : બાયડમાં વેપારીને ચેપ લાગતાં અન્ય વેપારીઓમાં ફફડાટ ફેલાયો**

બાયડ

બાયડ તાલુકામાં કોરોના ના કેસો મા સતત વધારો થઈ રહ્યો છે ત્યારે આજરોજ બાયડની નારાયણ નગર તથા અયોધ્યાનગર સોસાયટીમાં કોરોનાના એક એક કેસ નોંધાતા બાયડમાં આજરોજ બે કેસ નોંધાયા હતા નારાયણ નગરમાં રહેતા વેપારીને અમદાવાદથી આવેલ વેપારી પાસેથી ચેપ લાગતા અન્ય વેપારીઓમાં પણ ભયનો માહોલ ઉભો થયો હતો. બાયડમાં કેટલાય વેપારીઓ અમદાવાદ તથા અન્ય જગ્યાએથી આવતા હોવાની લઈ કોરોનાના કેસમાં વધારો થાય તેવી દહેશત સેવાઈ રહી છે. બાયડ ર સોસાયટીઓમાં કોરોનાના કેસ આવતા આરોગ્ય વિભાગ દ્વારા પણ સર્વેની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. બાયડ નારાયણનગર સોસાયટી તથા અયોધ્યા નગર સોસાયટીને કન્ટેન્મેન્ટ ઝોન તથા બફર ઝોન જાહેર કરવાની તજવીજ હાથ ધરવામાં આવશે.

**બાયડની નારાયણ નગર તથા અયોધ્યા નગર ને કન્ટેન્મેન્ટ તથા બફર ઝોન જાહેર કરવા તજવીજ હાથ ધરાઈ**

# સાબરડેરીના અધ્યક્ષ શામળભાઈ પટેલની ગુજરાત મિલ્ક માર્કેટીંગ ફેડરેશનના ચેરમેનપદે વરણી કરાઈ

ગુજરાત કો-આપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (અમૂલ ફેડરેશન)ના ચેરમેનપદે શ્રી શામળભાઈ બી. પટેલ ચેરમેન, સાબરકાંઠા જિ.સ.દૂ.ઉ.સં.લિ., હિંમતનગરની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. તેમના નામનો પ્રસ્તાવ રામસિંહ પી પરમાર, ચેરમેનશ્રી, ખેડા જિ.સ.દૂ.ઉ. સં. લિ., આણંદ ધ્વારા કરવામાં આવ્યો હતો અને શ્રી શંકરભાઈ ચૌધરી, ચેરમેનશ્રી, બનાસકાંઠા જિ.સ.દૂ.ઉ.સં.લિ., પાલનપુર ધ્વારા ટેકો જાહેર કરવામાં આવ્યો હતો.

ગુજરાત કો-આપરેટીવ મિલ્ક માર્કેટીંગ ફેડરેશન (અમૂલ ફેડરેશન)ના વાઈસ ચેરમેનપદે શ્રી વલમજીભાઈ હુંબલ, ચેરમેન, કચ્છ જિ.સ.દૂ.ઉ.સં.લિ., કચ્છની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે.



તેમના નામનો પ્રસ્તાવ શ્રી જેઠાભાઈ જી ભરવાડ ચેરમેનશ્રી, પંચમહાલ જિ.સ.દૂ.ઉ.સં.લિ., ગોધરા ધ્વારા કરવામાં આવ્યો હતો અને શ્રી મોહનભાઈ આર ભરવાડ, ચેરમેનશ્રી, અમદાવાદ જિ.સ.દૂ.ઉ. સં.લિ. અમદાવાદ ધ્વારા ટેકો જાહેર કરવામાં આવ્યો હતો.

અમૂલ ફેડરેશનના ચેરમેનની ચુંટણી ડેપ્યુટી કલેકટર, આણંદની હાજરીમાં થઈ હતી



અને તેમાં અમૂલ ફેડરેશનના ૧૮ સભ્ય દૂધ સંઘોના તમામ ચેરમેનશ્રીઓ હાજર રહયા હતા. અમૂલ ફેડરેશન એ વર્ષ ૧૯૭૩ થી ચેરમેનપદની વરણી બિનહરિફ રીતે થતી આવે છે તે પ્રણાલિકાને પુનઃ જાળવી રાખી છે.

શ્રી શામળભાઈ પટેલ, સાબરકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., સાબરડેરીના ચેરમેન છે અને ડેરી સહકારી માળખા સાથે પાછલાં ૩૦ વર્ષથી કાર્યરત છે. સાબરકાંઠા દૂધ સહકારી સંઘ રૂા. ૫૭૦૦ કરોડથી વધુ વાર્ષિક ટર્નઓવર તથા ૩.૮૦ લાખ દૂધ ઉત્પાદક સભ્યો સાથે રાજયના મોટો દૂધ ઉત્પાદક સંઘમાનો એક એકમ છે.

શ્રી વલમજીભાઈ હુંબલ, ચેરમેનશ્રી, કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., સરહદ ડેરીના ચેરમેન તરીકે વર્ષ ૧૧ વર્ષથી કાર્યરત છે. કચ્છ જિલ્લા દૂધ સહકારી સંઘ ગત વર્ષે રૂા. ૫૫૦ કરોડથી વધુ ટર્નઓવર કરેલ તથા લગભગ ૧ લાખ દૂધ ઉત્પાદક સભ્યો સંઘ સાથે જોડાયેલ છે. આ પ્રસંગે અમૂલ ફેડરેશનના ચેરમેનશ્રીએ જણાવ્યું હતું કે તેમના માટે ઘણા સૌભાગ્ય અને ગૌરવની ક્ષણ છે કે તેમને ડો. કુરિયન દ્વારા જે સંસ્થાનું નેતૃત્વ કરેલ હતું ત્યાં ચેરમેન બનવાનો મોકો મળેલ છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં સહકારી ડેરી માળખું પાછલા ૭૦થી વધુ વર્ષથી સફળ છે કારણકે આ સંસ્થામાં સિધ્ધાંત અને નૈતિકતાના ગુણો શ્રી ત્રિભુવનદાસ પટેલ અને ડો. કુરિયન દ્વારા પ્રસ્થાપિત કરવામાં આવેલ હતા.

વાઈસ ચેરમેનશ્રી, અમૂલ ફેડરેશને વધુમાં જણાવ્યુ કે એનડીડીબી ધ્વારા અમૂલ મોડલને સમગ્ર ભારતમાં પ્રસરાવવાથી ભારત આજે વિશ્વમાં સૌથી વધુ દૂધ ઉત્પાદન કરતો દેશ બનેલ છે. અમૂલ ફેડરેશન દેશના અન્ય સ્ટેટ ફેડરેશનો સાથે ઘનિષ્ઠતાથી કામ કરતું રહેશે કે જેથી સહકારી ચળવળને મજબુત બનાવી શકાય અને જો જરૂરિયાત હશે તો અન્ય રાજયના દૂધ ઉત્પાદકોને પણ ટેકો પૂરો પાડશે.

# સરકારે કરેલા ફી નહીં લેવાના પરિપત્રનો વિરોધ કરી ખાનગી શાળાઓએ ઓનલાઈન શિક્ષણ બંધ કર્યું

રાજય સરકાર દ્વારા શાળાઓ ખુલે નહી ત્યાં સુધી ફિ વસુલવા ઉપર પાબંદી મુકવાના પરીપત્ર સામે રાજયભરની ખાનગી શાળાઓને વિરોધ દર્શાવી રહી છે અને આજથી ઓનલાઈન શિક્ષણ સંપુર્ણપણે બંધ કરી દેવામાં આવનાર હોવાનું જાહેર કર્યુ છે. અલબત જે વિદ્યાર્થીઓએ ફિ ભરી છે તે વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ આપવાના મુદ્દે ત્રણ ચાર દિવસ પછી વિચારવામાં આવશે. તેમ ગુજરાત રાજય ખાનગી શાળા સંચાલક મંડળે જાહેર કર્યુ હતું. ત્યારે અરવલ્લી જીલ્લામાં આવેલી ૫૦ થી વધુ ખાનગી શાળોએ ઓનલાઈન શિક્ષણ બંધ કરવાનો નિર્ણય કરી સરકારે પરિપત્ર પાછો ખેંચે તેવી માંગ કરી હતી. હાલ તો સરકાર અને સંચાલક મંડળની લડાઈમાં બાળકોનું ભાવિ જોખમમાં ઓનલાઈન શિક્ષણ બંધ થઈ જશે તો હજારો વિદ્યાર્થીઓનું ભાવિ પર સંકટ પેદા થતા વિદ્યાર્થીઓ અને વાલીઓમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

અરવલ્લી જીલ્લામાં આવેલી ૯ તાલુકામાં ૫૦ થી વધુ ખાનગી શાળાઓ ધમધમી રહી છે, જે પૈકી અનેક સ્કૂલો ફી નીર્ધારણ સમિતિના નિયમોને ઘોળીને પી ગઈ છે. વધારાની ફી પરત આપવાના આદેશને અનુસરવાને બદલે વાલીઓને શાળા સંચાલકો ઉલ્લુ બનાવી રહ્યા છે. કેટલીક સ્કૂલોએ કર્મચારીઓને પૂરો પગાર નથી આપતી તો અમુક શાળાઓ શિક્ષકોને છૂટા કરી રહી છે. દરમિયાન આજે જીલ્લાના ખાનગી શાળા સંચાલકો દ્વારા જ્યાં સુધી શાળાઓ શરૂ ન થાય ત્યાં સુધી ફી નહીં ઉઘરાવવાનો આદેશ કરતા તેની સામે વિરોધ દર્શાવી ઓનલાઈન શિક્ષણ બંધ કરી દેવાનો નિર્ણય લેતા કોરોનાની મહામારીને દૈનિક શિક્ષણકાર્ય ખોરંભે પડયું છે.

જીલ્લામાં અગ્રણી ખાનગી શાળાઓએ મોટાભાગના વિદ્યાર્થીઓ પાસેથી ફી ઉઘરાવી લીધી છે ત્યારે ઓનલાઈન શિક્ષણ બંધ કરી દેવાની જે ચીમકી વિદ્યાર્થીઓને આપી છે તેનાથી ફી આપનારા વિદ્યાર્થીઓને અન્યાય થશે. કોરોનાના સમયમાં વિદ્યાર્થીને મદદરૂપ થવાને બદલે ધંધાદારી શાળઓ પોતાનું અંગત હિત સાચવવા માટે ઓનલાઈન બંધ કરી દેવાના નિર્ણય સામે વાલીઓમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.



જીલ્લામાં ખાનગી શાળાના સંચાલકોના જણાવ્યા અનુસાર શિક્ષણ વિભાગે જે પરીપત્ર જાહેર કર્યો છે તેમાં શાળાઓ શરૂ ન થાય ત્યાં સુધી શિક્ષણ ફી નહી વસુલવાની તાકીદ કરી છે. તેની સામે અમારો વિરોધ છે તેમ જણાવી તેઓએ ઉમેર્યું હતું કે ઓનલાઈન શિક્ષણ એ શિક્ષણનો જ એક ભાગ છે તેમ સરકાર સ્વીકારે છે ત્યારે શિક્ષણ ફી વસુલવા ઉપર પાબંદી મુકવાની નીત અન્યાયી છે.

**એક અનોખી પહેલ**

**"પહેલી રાખી દેશ પ્રેમ કી"**

## સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્ર ધ્વારા સૈનિકો માટે રાખડીઓ મોકલી

ભિલોડા, તા.૨૨

શ્રી સ્વામી વિવેકાનંદ, ગુજરાત રાજય યુવા બોર્ડ, ગુજરાત સરકારની એક અનોખી પહેલ " પહેલી રાખી દેશ પ્રેમ કી " વિશેષ કાર્યક્રમ અંતર્ગત શ્રી સ્વામી વિવેકાનંદ યુવા કેન્દ્ર ધ્વારા ભારત દેશની સરહદ પર સૈનિકો અડીખમ રીતે ફરજ બજાવતા હોઈ તેઓ માટે રક્ષાબંધનનું પર્વ નજીકમાં હોઈ રાખડીઓ મોકલવાની વ્યવસ્થા કરાઈ હતી. યુવા ભાજપ અગ્રણી,સામાજીક કાર્યકર સંકેત ચૌધરી, યુવા કેન્દ્રના સભ્યો, તાલુકા સંયોજક જૈમીન ચૌધરી, હિતેશ વણઝારા સહિત સામાજીક કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# ડીસામાં પોલીસ જવાન લાંચ લેતા રંગે હાથ પકડાયો

**જૂનામાં મોબાઈલ ખરીદવાના મામલે લાંચ માંગી હતી**

ડીસા, તા.૨૩

ફરિયાદીએ જુનામાં મોબાઈલ ખરીદેલ અને તે મામલે કોન્સ્ટેબલે 'આ ચોરીનો મોબાઈલ છે તમે ફિટ થઈ જશો' તેમ કહી લાંચ માંગી હતી. જો કે અરજદાર લાંચ આપવા માંગતા ન હોઈ આ બાબતે તેમણે એ. સી. બી.નો સંપર્ક કર્યો હતો જેથી એ.સી.બી.ના અધિકારી - કર્મચારીઓએ છટકું ગોઠવી કોન્સ્ટેબલને લાંચ લેતો રંગે હાથ દિપક હોટલ નજીકથી ઝડપી લીધો હતો.

આ અંગેની વિગતો અનુસાર ડીસામાં એક ફરિયાદીએ જુનામાં મોબાઈલ ખરીદ્યો હતો. ત્યારબાદ ઉત્તર પોલીસ મથકના કોન્સ્ટેબલ પ્રેમજી ચૌધરીએ તે મોબાઈલ ચોરીનો હોવાનું જણાવ્યું હતું. તેમજ તમે ચોરીના ગુનામાં ફિટ થઈ જશો તેમ વાત જણાવી હતી અને અરજી ઉપરથી ગુનો દાખલ નહિ કરવા માટે ફરિયાદી પાસે લાંચ સ્વરૂપે રૂપિયા ૫ હજારની માંગ કરી હતી જે મામલે ફરિયાદીએ પાટણ એ.સી.બી.નો સંપર્ક કરતા પી. આઈ. જે. પી. સોલંકીની ટીમે ડીસા દિપક હોટલ નજીક છટકું ગોઠવતા કોન્સ્ટેબલ પ્રેમજી ચૌધરી લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ ગયા હતા.

સૂત્રોના જણાવ્યા અનુસાર બનાસકાંઠા જિલ્લામા છેલ્લા એક માસમાં બે પોલીસ કર્મી એ. સી. બી. ના છટકામાં ઝડપાઈ જવા પામ્યા છે અગાઉ આગથળા પોલીસ મથકના પી. એસ. આઈ. ગોસ્વામી બાદ ડીસા ઉત્તર પોલીસ મથકના કોનસ્ટેબલ લાંચ લેતા ઝડપાયા છે.

# સિવિલ હોસ્પિટલની માંગ સાથે કોંગ્રેસના તાલુકા મથકોએ ધરણા

**'ભાજપ તેરી તાનાશાહી નહિ ચલેગી ના નારા' મોડાસામાં ૨૫ કાર્યકરોની અટકાયત**

મોડાસા, તા. ૨૩

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં ૧૫૦ બેડની સિવિલ હોસ્પિટલ માટે ૪૫ કરોડ રૂપિયા સરકારે મંજુર કર્યા હતા જેમાં ૫ કરોડ રૂપિયા ફાળવણી પણ કરી દેવામાં આવી છે. બે વર્ષ અગાઉ જીલ્લા કલેક્ટરે બાજકોટ ગામની સીમમાં ૨૦ એકર જમીન ફાળવી સિવિલ સર્જનને કબ્જો સોંપી દોઢ વર્ષમાં સિવિલ હોસ્પિટલ કાર્યરત કરી દેવાના દાવા કરવામાં આવ્યા હતા, જોકે બે વર્ષ વીતી જવા છતાં સિવિલ હોસ્પિટલનું નિર્માણ અધ્ધરતાલ રહેતાં દર્દીઓની હાલત કફોડી બનતાં જીલ્લા કોંગ્રેસ સમિતિ અને ત્રણે ધારાસભ્યો જીલ્લામાં લોકોની તાતી જરૂરિયાત એવી સિવિલ હોસ્પિટાલની માંગને લઈને સરકાર અને તંત્ર સામે લડી લેવાના મુડમાં હોય તેમ સતત વિરોધ પ્રદર્શન, પોસ્ટર વોર, આવેદનપત્ર અને મુખ્યમંત્રીને પત્ર લખી સિવિલ હોસ્પિટલનું નિર્માણ ઝડપથી કરવામાં આવેની માંગ કરી રહ્યા છે. ત્યારે વધુ એકવાર જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા તાલુકા મથકોએ સિવિલ હોસ્પિટલની માંગ સાથે પ્રતિક ઉપવાસ કરી સિવિલ હોસ્પિટલનું





ઝડપથી નિર્માણ કરવામાં આવેની માંગ કરી હતી.

મોડાસા ચાર રસ્તા ખાતે કોંગ્રેસે ભાજપ વિરુદ્ધ સૂત્રોચ્ચાર



કર્યા હતા. પ્રતીક ઉપવાસની મંજૂરી ન હોવાથી પોલીસે ૨૫ થી વધુ કાર્યકરોની પોલીસે અટકાયત કરી હતી. ભિલોડામાં પુર્વ જીલ્લા પંચાયત પ્રમુખ રાજુ પારઘીએ સિવિલ હોસ્પિટલનું નિર્માણ ઝડપથી કરવા માંગ કરી હતી. બાયડ ખાતે પણ તાલુકા કોંગ્રેસે ધરણા કર્યા હતા.

અરવલ્લી જીલ્લાને સાબરકાંઠા જિલ્લામાંથી અલગ થયે ૭ વર્ષ જેટલો સમય થવા આવ્યો છતાં સિવિલ હોસ્પિટલનું નિર્માણ ટલ્લે ચઢતાં જીલ્લાના ૧૧ લાખ જેટલા પ્રજાજનો અને ગરીબી રેખા હેઠળ જીવતા અનેક પરિવારો સિવિલ હોસ્પિટલના અભાવે ઉત્તમ અને નિઃશુલ્ક સુવિધાથી વંચિત રહેવાનો વારો આવ્યો છે. કોરોના સહીત દિનપ્રતિદિન અનેક ગંભીર રોગોનું સંક્રમણ વધી રહ્યું હોય ખર્ચાળ બનતી જતી. મેડિકલ સુવિધા માટે લોકોને દરબદર ભટકવું પડે છે. મલ્ટીસ્પેશિયાલીટી કહેવાતી હોસ્પિટલો સામાન્ય બીમારીમાં પણ દર્દીઓના ખિસ્સા ખંખેરી લેતા હોવાના કિસ્સાઓ પણ સમયાંતરે ઉજાગર થાય છે, શ્રમજીવી અને ગરીબ પરિવારો દેવું કરી મોંઘી સારવાર લેવા મજબુર બનવું પડતું હોય છે ત્યારે દર્દીઓને ઘર આંગણે નિઃશુલ્ક કે તદ્દન નજીવા દરે આરોગ્યલક્ષી સેવાઓ મળી રહે તે માટે સિવિલ હોસ્પિટલ અનિવાર્ય બની છે. ત્યારે જીલ્લામાં ઝડપથી સિવિલ હોસ્પિટલનું નિર્માણ કરવામાં આવેની માંગ પ્રબળ બની છે.

# પ્રાંતિજના અંબાવાડા પાસેથી નવ યુવતીઓની પોલીસે અટકાયત કરી

**આવતા જતા લોકોને ઉભા રાખીને લીફ્ટ માંગીને પેસાની માંગણી કરતી : બદનામ કરવાની ધમકી આપતી : પોલીસ યુવાન ની ફરિયાદ આધારે અટકાયત કરી ને ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી**

પ્રાંતિજ તા.૨૩

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજના અંબાવાડા ખાતે આવેલ પુલ ઉપર લીફટ માંગી આવતા જતા લોકો પાસેથી પેસા પડાવતી યુવતીઓની ગેંગ ને પ્રાંતિજ પોલીસે અટકાયત કરી હતી.

પ્રાંતિજ તાલુકાના અંબાવાડા થી તલોદ રોડ ઉપર આવેલ અંબાવાડા પાસે આવેલ પુલ ઉપર આજે સવારે યુવતીઓની ગેંગ દ્વારા રોડ ઉપરથી પ્રસાર થતા કાર ચાલકો તથા બાઈક ચાલકો પાસે લીફટ માંગી ઉભા રાખી ને પુલ પાસે સતાયેલી અન્ય યુવતીઓ ને બોલાવીને બુમાબુમ કરીને બદનામ કરવાની ધમકી આપી રૂપિયા ૨૫૦૦૦ ની માંગણી





કરતા સ્થળ ઉપર ૧૫૦૦ રૂપિયા માંગી ને પતાવત કરતા જેથી ફરિયાદી વિષ્ણુજી શકરજી પરમાર રહે. રામપુરા દ્વારા પોલીસ ને જાણ કરતા પ્રાંતિજ પોલીસ એ સ્થળ ઉપર જઈ યુવતીઓની ગેંગ ની અટકાયત કરી જેમાં નવ યુવતીઓ સામે આઈ પી સી કલમ ૩૮૪,૧૧૪ મુજબ ગુનો નોંધી આગળની તપાસ પ્રાંતિજ પોલીસ સબ ઈસ્પેક્ટર એ.જે.ચાવડા દ્વારા હાથ ધરવામાં આવી છે.



## જય અંબે બુદ્ધિ સમાજસેવા ટ્રસ્ટના નવીન આશ્રમનું ભૂમિ પૂજન કરાયું

જય અંબે મંદબુધ્ધિ મહિલા સમાજ સેવા ટ્રસ્ટ બાયડ સંચાલિત આશ્રમ ૩૪ મહિનાથી ભાડાની જગ્યા પર મા અંબાના આશીર્વાદ અને સમાજના ભામાશાના સાથ સહકારથી કાર્યરત છે, જેમાં હાલ ૧૪૦ બહેનો આશ્રય લઈ સલામત જીવન વ્યતીત કરે છે, અને ૧૦૪ બહેનોને પરિવાર સાથે મિલન કરાવવામાં સફળતા મળેલ છે. આશ્રમવાસીઓની સંખ્યામાં સતત વધારો થતા નવીન આશ્રમની માલિકીની જગ્યાની તાતી જરૂરિયાત ઊભી થતા બાયડ પ્રાંત ઓફીસની બાજુમાં આશ્રમ બની શકે તેટલી જમીનની જોગવાઈ કરવામાં આવી છે. આ વાતની જાણ બેંગ્લોરના શ્રેષ્ઠી (નામ નહી જાહેર કરવાની શરતે)ને ફેસબુકના માધ્યમ થકી થઈ અને આશ્રમના પ્રમુખ અશોકભાઈ જૈન સાથે વાર્તાલાપ થયો .આ દરમિયાન તેઓ આશ્રમની પ્રવૃત્તિથી ખૂબ જ પ્રભાવિત થયા અને શરૂઆત અંબે માતાના મંદિરના નિર્માણથી થાય તેવો આગ્રહ મંદિર નિર્માણનો તમામ ખર્ચ આપવાની પહેલથી કર્યો. જેના ભાગરૂપે ૨૨-૭-૨૦૨૦ના રોજ આશ્રમવાસી બહેનો અને હારીઝના જલારામ ગ્રુપ દ્વારા સચિનભાઈ મહારાજ (મોડાસા) દ્વારા ભાવનાત્મક ભૂમિ પૂજન કરવામાં આવ્યું. આજ રોજ ભૂમિ પૂજન માં હાજર રહેલ જલારામ ગ્રુપના સભ્યો જનકભાઈ સી. ઠક્કર, હિતેશભાઈ વી. ઠક્કર, સુધીરભાઈ આર. ઠક્કર, ભાવેશભાઈ ડી. તન્ના, શૈલેષભાઈ પ્રજાપતિ, હરિભાઈ ઠક્કર, અર્પિતભાઈ તન્ના, પરેશભાઈ તન્ના દ્વારા આશ્રમને ૧૧૧૦૦૦ (એક લાખ અગિયાર હઝાર રૂપિયા )નું દાન આપવામાં આવ્યું. આ ઉપરાંત જનકભાઈ અને હિતેશભાઈની ટીમ દ્વારા આશ્રમને અવારનવાર આર્થિક અને માનસિક સહયોગ મળતો જ રહે છે.

**અરવલ્લી કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર**

## ભાજપના કાર્યકર તરીકે વર્તતા હોવાનો બાયડના ધારાસભ્ય જશુ પટેલનો આક્ષેપ

અરવલ્લી જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેર સહીત તાલુકા મથકે સિવિલ હોસ્પિટલની માંગ સાથે ધરણા કાર્યક્રમ યોજ્યો હતો. પ્રતીક ઉપવાસ પર બેઠેલા બાયડ-માલપુરના ધારાસભ્ય જશુભાઈ પટેલે અગાઉ કલેક્ટરને જીલ્લામાં કોરોનાની સ્થિતિ અંગે ખબર ન હોવાનો આક્ષેપ કર્યો હતો ત્યારે આજે વધુ એકવાર જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકર ભાજપનું પ્રતિનિધિત્વ કરતા હોવાનો આક્ષેપ કરતાં જીલ્લાના



રાજકારણમાં હડકંપ મચ્યો છે. માલપુર બાયડના ધારાસભ્યએ અરવલ્લી જિલ્લા કલેક્ટર પર ભાજપનું પ્રતિનિધિત્વ કરવાનો આક્ષેપ કરતા જણાવ્યું હતું કે કલેક્ટર સરકારના કહેવા મુજબ ચાલી રહ્યા છે. તેમજ જીલ્લાની આમ પ્રજા અને ત્રણે ધારાસભ્યો કોંગ્રેસના હોવાથી જીલ્લામાં વિકાસના તમામ કામોમાં સરકાર રોડા નાખી રહી છે. કોરોનાની મહામારીમાં હોસ્પિટલનું નિર્માણ તો ઠીક વૈકલ્પીક વ્યવસ્થા ઉભી ન થાય તે માટે સરકાર પ્રયત્નો કરી રહી છે. વિપક્ષ તરીકે જીલ્લાના પ્રાણ પ્રશ્નોની રજુઆત કરીએ ત્યારે પોલીસને આગળ ધરી દે છે અને પોલીસ પણ દંડાવાળી કરતી હોવાનું જણાવ્યું હતું અને આગામી સમયમાં સિવિલ હોસ્પિટલ માટે આમરણાંત ઉપવાસ પર ઉતરવું પડે તો ઉતરવાની તૈયારી હોવાનું જણાવ્યું હતું.

# અરવલ્લીની ૬૦૪૪થી વધુ સર્ગભાઓની સંભાળ લેતુ આરોગ્ય તંત્ર

અરવલ્લી જિલ્લામાં કોરોના વાયરસને લઈ ૨૮૦થી વધુ લોકો સંક્રમિત થયા છે. ત્યારે આવા સમયે કોરોનાનું સંક્રમણનું સૌથી વધુ જોખમ સર્ગભાઓ,ધાત્રી માતાઓ અને નાના બાળકો પર હોય છે, કોરોનાની કપરી પરિસ્થિતિમાં આરોગ્ય વિભાગ દ્વારા રસીકરણ કરી તેમના આરોગ્યની ખાસ દરકાર રાખવામાં આવી રહી છે.

અરવલ્લી જિલ્લાના ૭૦૦થી વધુ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે, જેમાં દર બુધવારે મમતા દિવસ નિમિત્તે ગામની સર્ગભા, ધાત્રીમાતા, નાના બાળકોને રસીકરણ તેમજ કિશોરીઓ ટેબલેટ વિતરણ અને આરોગ્ય વિષયની જાણકારી આપવામાં આવે છે. છેલ્લા કેટલાક સમયથી અરવલ્લીમાં કોરોનો વ્યાપ ગ્રામ્ય વિસ્તારમાં વ્યાપતા આંગણવાડી કેન્દ્રની કાર્યકર અને તેડાગર બહેનો સર્ગભાઓ કોરોનાથી સંક્રમિતન થાય તે રીતે રસીકરણનું ખાસ આયોજન હાથ ધર્યુ છે.

જિલ્લાના કન્ટેન્ટમેન્ટ વિસ્તાર સિવાયની આંગણવાડી કેન્દ્રમાં માત્ર મર્યાદિત એવા પાંચ-પાંચની સંખ્યામાં માતા-બાળકને બોલાવવામાં આવે છે. સામાજીક અંતર સાથે બેઠક વ્યવસ્થા કરી તેમના રસીકરણ કર્યા બાદ અન્ય સર્ગભાઓને બોલાવમાં આવે છે.